

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૦૬ | ૨૬ જુન, ૨૦૨૧, શનિવાર; જયેષ્ઠ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

વિશ્વના ૮૫ દેશોમાં ડેલ્ટા વેરિએન્ટ પ્રસર્યો

વિશ્વ આરોગ્ય સંસ્થાએ આપી ચેતવણી : રિપોર્ટ અનુસાર કોરોના વાઇરસનો આલ્ફા વેરિઅન્ટ ૧૭૦ દેશોમાં, બીટા વેરિઅન્ટ ૧૧૯ દેશોમાં, ગામા વેરિઅન્ટ ૭૧ દેશોમાં અને ડેલ્ટા વેરિઅન્ટ ૮૫ દેશોમાં ફેલાયો છે

જિનિવા,તા.૨૫

કોરોના વાઈરસ કરતાં વધારે પ્રમાણમાં ચેપી એવા તેના ડેલ્ટા વેરિઅન્ટના ૮૫ દેશોમાં દર્દીઓ મળી આવતા હડકંપ મચી ગયો છે. જો આ પ્રવાહ આવી રીતે જ ચાલુ જ રહેશે તો દુનિયામાં વધુને વધુ સ્થળોએ ફેલાતો જશે તેવી ચેતવણી વિશ્વ આરોગ્ય સંસ્થાએ તેના સાપ્તાહિક રિપોર્ટમાં આપી છે.

૨૨ જૂને જાહેર કરવામાં આવેલા સાપ્તાહિક મહામારી રિપોર્ટ અનુસાર કોરોના વાઈરસનો આલ્ફા વેરિઅન્ટ ૧૭૦ દેશોમાં, બેટા વેરિઅન્ટ ૧૧૯ દેશોમાં, ગામા વેરિઅન્ટ ૭૧ દેશોમાં અને ડેલ્ટા વેરિઅન્ટ ૮૫ દેશોમાં ફેલાયો છે.

ચારે કોરોના વેરિઅન્ટ આલ્ફા, બિટા, ગામા અને ડેલ્ટાને વેરિઅન્ટસ ઓફ કન્સર્ન જાહેર કરવામાં આવ્યા છે. જો વર્તમાન પ્રવાહ ચાલુ રહેશે તો ડેલ્ટા વેરિઅન્ટ પ્રભાવી લાઇનેજ બની જશે. જાપાનમાં કરવામાં આવેલા એક અભ્યાસ અનુસાર ડેલ્ટા વેરિઅન્ટ આલ્ફા વેરિઅન્ટ કરતાં ૧.૨૩ ગણો વધારે ચેપી છે.

જર્મનીમાં ચાન્સેલર એન્જેલા મર્કેલે સંસદમાં જણાવ્યું હતું કે કોરોનાનો ચેપ ઘટાડવા માટે

● અનુસંધાન પાન-૭ પર

મહારાષ્ટ્રમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટના ૨૧ કેસ

રત્નાગિરીમાં ૯, જલગાંવમાં ૭, મુંબઈમાં ૨, પાલઘર, થાણે અને સિંધુદુર્ગમાં એક-એક ડેલ્ટા પ્લસના કેસ સામે આવ્યા : મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય મંત્રીએ કરી પુષ્ટિ

મુંબઈ, તા. ૨૫

મહારાષ્ટમાં કોરોના વાયરસના ડેલ્ટા પ્લસ વેરિઅન્ટથી સંક્રમિત થયેલા વ્યક્તિનું શુક્રવારે મોત થયું છે. આ અંગેની જાણકારી રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેએ આપી હતી. રાજેશ ટોપેએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં ડેલ્ટા પ્લસ વેરિએન્ટના ૨૧ દર્દીઓમાંથી એક દર્દીનું મોત થયું છે. મૃતકની ઉંમર ૮૦ વર્ષ કહેવામાં આવી રહી છે. વ્યક્તિ અન્ય બીમારીથી પણ પીડિત હતા. રાજ્યમાં ડેલ્ટા પ્લસના રત્નાગિરીમાં નવ, જલગાંવમાં સાત, મુંબઈમાં બે, પાલઘર, થાણે અને સિંધુદુર્ગ જિલ્લામાં એક-એક કેસ સામે આવ્યા છે.

મુંબઈમાં ડેલ્ટા પ્લસ વેરિઅન્ટના જે કેસ નોંધાયા છે તેમાં સુરતથી આવેલા બે વ્યક્તિ શામેલ હોવાની માહિતી મહારાષ્ટ્ર સરકારે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને આપી છે. આ સાથે જ સુરત માથે સંકટ વધી ગયું છે. આ વ્યક્તિઓ કોણ છે તેની ઓળખ જાહેર કરવામાં આવી નથી. મહારાષ્ટ્ર સરકારે તપાસ કરતા ડેલ્ટા પ્લસ વાયરસથી સંક્રમિત બંને વ્યક્તિની ટ્રાવેલ હિસ્ટ્રી સુરતની જણાઈ હતી. મહારાષ્ટ્ર સરકાર પાસેથી માહિતી મળ્યા બાદ સુરતનું તંત્ર પણ દોડતું થયું છે.

નોંધનીય છે કે મહારાષ્ટ્રના સ્વાસ્થ્ય વિભાગે ગત અઠવાડિયે એક રિપોર્ટ રજૂ કર્યો હતો જેમાં

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં ડેલ્ટા પ્લસના બે કેસ નોંધાયા

રાજ્યમાં વડોદરા અને સુરતમાં ડેલ્ટા પ્લસ વેરિયન્ટના ૧-૧ કેસ નોંધાયા : જોકે રાજ્ય સરકાર હજુ ઈન્કાર કરે છે

ગાંધીનગર, તા.૨૫

દેશમાં કોરોનાની બીજી લહેર નબળી પડી રહી છે, ત્યારે કોરોનાના નવા વેરિયન્ટ ડેલ્ટા પ્લસના વધતા જતા કેસોએ ચિંતા ફેલાવી દીધી છે. કહેવાઈ રહ્યું છે કે, કોરોનાના ત્રીજા વેવ માટે આ ડેલ્ટા પ્લસ વેરિયન્ટ જ જવાબદાર બનશે. હવે, આ ડેલ્ટા પ્લસ વેરિયન્ટના ગુજરાતમાં એકસાથે બે કેસ નોંધાતા ફફડાટ ફેલાઈ ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ માહિતી આપી છે. જ્યારે રાજ્યના આરોગ્ય વિભાગના અગ્રસચિવ મનોજ અગ્રવાલે રદિયો આપ્યો હતો કે ગુજરાતમાં હજુ કોઈ ડેલ્ટા પ્લસના કેસ નોંધાયા નથી.

દેશમાં હાલમાં ડેલ્ટા પ્લસ વેરિયન્ટના કુલ ૪૮ કેસ નોંધાયા છે. જ્યારે દેશમાં ડેલ્ટા પ્લસ વેરિયન્ટથી બેના મોત થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, રાજ્યમાં વડોદરા અને સુરતમાં ડેલ્ટા પ્લસ વેરિયન્ટના ૧-૧ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ભારતના ૧૮ જિલ્લામાં કોરોના ડેલ્ટા પ્લસ વેરિએન્ટના ૪૮ કેસ સામે આવી ગયા છે. કોરોના ડેલ્ટા પ્લસ વેરિએન્ટના સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં છે. અહીં અત્યાર સુધીમાં ૨૦ કેસ સામે આવ્યા છે. જ્યારે મધ્યપ્રદેશમાં ૭, પંજાબ-ગુજરાતમાં ૨-૨, કેરળમાં ત્રણ, આંધ્રપ્રદેશમાં એક, તમિલનાડુમાં ૯, ઓરિસ્સા, રાજસ્થાન,જમ્મુ કાશ્મીર અને કર્ણાટકમાં એક-એક કેસ સામે આવ્યા છે.

કાબૂલમાં ૫.૩ ની તીવ્રતાના ભૂકંપથી ધરતી હચમચી ઉઠી

ગુરુવારે મહારાષ્ટ્રમાં પાલઘરમાં ૩.૭ તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો પરંતુ કોઈ જ નુકસાનના સમાચાર નથી

કરાચી,તા.૨૫

અફઘાનિસ્તાનની રાજધાની કાબૂલમાં શુક્રવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૩ રહી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી મુજબ આજે સવારે ૪.૩૪ વાગે ભૂકંપના આંચકાથી કાબૂલના ઉત્તરમાં ધરતી કાંપી હતી. ભૂકંપના આ ઝાટકાથી અત્યાર સુધીમાં કોઈ જાન માલનું નુકસાન થયું નથી. ગુરુવારે ભારતના મહારાષ્ટ્રમાં પાલઘર જિલ્લામાં ૩.૭ તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. પરંતુ આનાથી કોઈને નુકસાનના સમાચાર નથી. જિલ્લા ડિઝાસ્ટર મેનેજમેન્ટના પ્રમુખ વિવેકાનંદ કદમે જણાવ્યું કે બપોરે ૧૨ વાગ્યાથી માત્ર થોડીત મિનિટ પહેલા ડહાણુના ૨૫ કિલો મીટર પૂર્વમાં ભૂકંપ અનુભવાયો છે. અધિકારીએ જણાવ્યું કે ભૂકંપથી કોઈ નુકશાન થવા અથવા સંપત્તિને નુકસાન પહોંચવાના સમાચાર નથી. પૃથ્વી અનેક લેયરમાં વહેંચાયેલી છે અને જમીનની નીચે અનેક પ્રકારની પ્લેટો હોય છે. આ પ્લેટ્સ એક બીજા સાથે ફસાતી રહે છે. પરંતુ ક્યારેક ક્યારેક પ્લેસ ખસે છે. જેના કારણે ભૂકંપ આવે છે. કઈ બાર તેમાં વધારે કંપન હોય છે અને તેની તીવ્રતા વધી જાય છે. જેનાથી અનેક વાર ભૂકંપ આવી ચૂક્યો છે.

ટ્વિટરે મંત્રી રવિશંકર પ્રસાદનું એકાઉન્ટ કલાક માટે બ્લોક કર્યું

નવા નિયમો પર કેન્દ્ર-ટ્વિટરનો વિવાદ વકર્યો : એકાઉન્ટથી અમેરિકાના ડિજિટલ મિલેનિયમ કોપીરાઇટ એક્ટનું ઉલ્લંઘનનું સુચન, એકાઉન્ટ શરૂ કરવા ચેતવણી

નવી દિલ્હી, તા. ૨૫

કેન્દ્ર સરકાર સાથે સોશિયલ મીડિયા માટે નવા નિયમોને લઈને મતભેદ વચ્ચે ટ્વિટરે આઈટી મિનિસ્ટર રવિશંકર પ્રસાદનું એકાઉન્ટ બ્લોક કરી દીધું હતું. આઈટી મિનિસ્ટર રવિશંકર પ્રસાદે પોતે આ અંગે જાણકારી આપી છે. તેમણે કહ્યું કે, તે લગભગ એક કલાકથી પોતાના એકાઉન્ટને એક્સેસ કરી શક્યા નહોતા.

તેમણે કહ્યું કે, એક્સેસનો પ્રયાસ કરતાં જણાવવામાં આવ્યું કે તેમના એકાઉન્ટથી અમેરિકાના ડિજિટલ મિલેનિયમ કોપીરાઈટ એક્ટનું ઉલ્લંઘન થયું છે. જો કે, એક કલાક બાદ એકાઉન્ટ ચાલુ થઈ ગયું. આઈટી મંત્રીએ પોતાનું એકાઉન્ટ બ્લોક કરવાને લઈને કહ્યું કે, સોશિયલ મીડિયા કંપનીએ આઈટી રુલ્સના નિયમ ૪(૮)નું ઉલ્લંઘન કર્યું છે.

તેમણે કહ્યું કે, મારા ટ્વિટર એકાઉન્ટને બ્લોક કરતાં પહેલાં કોઈપણ પ્રકારની જાણકારી આપવામાં નિષ્ફળ રહ્યાં અને આ નિયમનું ઉલ્લંઘન છે. રવિશંકર પ્રસાદે એકાઉન્ટર બ્લોક કરાયું ત્યારનું અને ફરી એક્સેસ મળ્યાં બાદનું સ્ક્રીનશોટ શેર કર્યું છે. એકાઉન્ટ ચાલુ થયા બાદ પણ ટ્વિટર તરફથી રવિશંકર પ્રસાદને ચેતવણી આપવામાં આવી છે કે, જો ભવિષ્યમાં તેમના એકાઉન્ટ વિરુદ્ધ કોઈ બીજી નોટિસ મળશે તો તેમનું એકાઉન્ટ ફરીથી બ્લોક થઈ શકે છે અથવા પછી સસ્પેન્ડ કરાઈ શકે છે.

મહારાષ્ટ્રના પૂર્વ ગૃહમંત્રી દેશમુખના ઘરે ઈડીના દરોડા

૧૦૦ કરોડની વસૂલીના આક્ષેપમાં તપાસનો ધમધમાટ : ઈડી દ્વારા અનિલ દેશમુખના નાગપુર, મુંબઈ સ્થિત ઘર પર આજે સવારથી દરોડાની કામગીરી કરવામાં આવી

મુંબઈ, તા. ૨૫

કેન્દ્ર સરકારના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ દ્વારા મહારાષ્ટ્રના પૂર્વ ગૃહ મંત્રી અનિલ દેશમુખના ઘર પર દરોડા પાડવામાં આવ્યા છે. ઈડી દ્વારા દેશમુખના નાગપુર તેમજ મુંબઈ સ્થિત ઘર પર આજે સવારથી દરોડાની કામગીરી કરવામાં આવી છે.

મુંબઈના પૂર્વ પોલિસ કમિશનર પરમબીર સિંહે દેશમુખ પર ૧૦૦ કરોડની વસૂલી કરાવવાના લગાવેલા આરોપ બાદ દેશમુખ આખા દેશમાં ચર્ચાનો વિષય બન્યો હતો.એ પછી અનિલ દેશમુખ પર મની લોન્ડરિંગનો કેસ કરવામાં આવ્યો હતો. એ પછી ઈડી દ્વારા સતત દેશમુખની પૂછપરછ કરવામાં આવી રહી છે.

ઉલ્લેખીય છે કે, પરમબિર સિંહે ઉધ્ધવ ઠાકરેને પત્ર લખીને દેશમુખ પર ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા હતા. આ સિવાય પરમબીર સિંહે મુંબઈ હાઈકોર્ટમાં કરેલી પિટિશનમાં પણ કહ્યુ તુ કે, અનિલ દેશમુખે પૂર્વ પોલીસ અધિકારી અને એન્ટિલિયા વિસ્ફોટકોના કાંડમાં સંડોવાયેલા સચિન વાજેને દર મહિને ૧૦૦ કરોડ રૂપિયા ઉઘરાવીને આપવાનો આદશ આપ્યો હતો.

ઈડીએ બીજી વખત દેશમુખના ઘરે દરોડો પાડ્યો છે. આ પહેલા સીબીઆઈ દ્વારા પણ દરોડો પાડવામાં આવ્યા હતા. દેશમુખે આ આરોપ લાગ્યા બાદ ગૃહમંત્રી પદેથી રાજીનામુ આપ્યુ હતુ. પરમબીર સિંહ સિવાય સચિન વાજેએ પણ દેશમુખ પર વસૂલી કરાવવાનો આરોપ મુક્યો હતો.

વિમાન વાહક વિક્રાંત આગામી વર્ષે નૌ સેનામાં સામેલ કરાશે

ચીનના યુદ્ધ જહાજો-સબમરિનના આંટા ફેરા વધી ગયા હોઈ ભારતના દરિયાઈ મોરચે તાકાત વધારવાના પ્રયાસો

નવી દિલ્હી, તા. ૨૫

ચીન સાથેના તનાવની અસર હિન્દ મહાસાગરમાં પણ દેખાઈ રહી છે. અહીંયા ચીનના યુધ્ધ જહાજો અને સબમરિનના આંટા ફેરા વધી ગયા છે ત્યારે ભારત પણ દરિયાઈ મોરચે તાકાત વધારવાના પ્રયાસો કરી રહ્યુ છે.

ભારત માટે એક સારા ખબર એ છે કે, ભારતનુ સ્વદેશી વિમાન વાહક જહાજ આઈએનએસ વિક્રાંત આવતા વર્ષે નૌસેનામાં સામેલ થાય તેવી શક્યતા છે. આજે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે વિક્રાંતનુ જ્યાં નિર્માણ થઈ રહ્યુ છે તે ડોકયાર્ડની મુલાકાત લઈને સમગ્ર કામગીરી નિહાળી હતી.

આ યુધ્ધ જહાજનુ નામ અગાઉ ભારતીય નૌસેનામાં સેવા આપીને રિટાયર થઈ ચુકેલા વિમાન વાહક જહાજ વિક્રાંતના નામ પરથી જ રાખવામાં આવ્યુ છે. ભારત પાસે હાલમાં એક વિમાન વાહક જહાજ વિક્રમાદિત્ય છે.જે રશિયા પાસે ભારતે ખરીદેલુ છે. જોકે ભારતના વિશાળ દરિયા કિનારાને જોતા ભારતને બીજા પણ વિમાન વાહક જહાજની જરૂર છે અને તેનુ નિર્માણ ભારતમાં જ કરવામાં આવી રહ્યુ છે. વિક્રાંતને લોન્ચ કરાયા બાદ ભારત પાસે બે વિમાન વાહક જહાજ હશે.

કોરોનામાં દિલ્હી સરકારે જરૂરતથી ચાર ગણો વધારે ઓક્સિજન માંગ્યો

સુપ્રિમ કોર્ટની ઓડિટ પેનલના રિપોર્ટમાં મોટો ધડાકો : દિલ્હીને બીજી લહેરમાં ૩૦૦ મેટ્રીક ટન ઓકસીજનની જરૂર હતી ત્યારે માંગ્યો હતો ૧૨૦૦ મેટ્રિક ટનનો પુરવઠો, દિલ્હીને કારણે ૧૨ રાજ્યોની સપ્લાયને અસર થઇ

નવી દિલ્હી, તા. ૨૫

સુપ્રીમ કોર્ટની ઓક્સિજન ઓડિટ ટીમે આપેલા સનસનાટીભર્યા રિપોર્ટથી દિલ્હીની અરવિંદ કેજરીવાલ સરકારની મુશ્કેલીઓ વધતી દેખાઈ રહી છે. સુપ્રીમ કોર્ટે તરફથી રચવામાં આવેલી સમિતિએ કહ્યું કે કોવિડ -૧૯ માહારીની બીજી લહેર દરમિયાન જ્યારે દેશભરમાં ઓક્સિજનની અછતના કારણે બુમરાણ મચી હતી ત્યારે દિલ્હી સરકારે પોતાની જરુરિયાત કરતા ચાર ગણી વધારે માગણી કરી હતી. સમિતિએ પોતાના રિપોર્ટમાં સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે દિલ્હી સરકારને જરુરિયાત કરતાં વધુ ઓક્સિજનની સપ્લાય કરવાને કારણે દેશા અન્ય ૧૨ રાજ્યોમાં ઓક્સિજનની અછતનું સંકટ ઘેરાયું હતું.

ઓડિટ ટીમએ સુપ્રીમ કોર્ટને આપવામાં આવેલા અહેવાલમાં જણાવ્યું છે કે, દિલ્હીમાં ઓક્સિજનની હકીકતમાં જરુરિયાત અને માગવામાં આવેલા ઓક્સિજન વચ્ચે મોટો તફાવત પકડાયો છે. બેડ કેપેસિટીના આધારે નિશ્ચિત કરવામાં આવેલા ફોર્મ્યુલા મુજબ દિલ્હીને ૨૮૯ મેટ્રિક ટન ઓક્સિજનની જરૂર હતી, પરંતુ દિલ્હી સરકારે ૧૧૪૦ મેટ્રિક ટન

● અનુસંધાન પાન-૭ પર

કચ્છની કેરી/ખારેક
ખેડૂત દ્વારા સીધું વેચાણ
કૃષિભવન ગેટ નંબર-૨ની આગળ, ગાંધીનગર

સિલપૉલિન તાડપત્રી ખેડૂતનો સાચો મિત્ર
Supreme
People who know plastics best
INDIA'S NO.1 PLASTIC PRODUCT COMPANY
પાણી ના સંગ્રહ માટે ખેત-તલાવડીમાં ઉપયોગી.
SILPAULIN STAR
ખેડૂત ની જરૂરિયાત મુજબ સાઈઝ માં તાડપત્રી બનાવી આપવામાં આવશે.
(સ્ટાન્ડર્ડ સાઈઝ વેપારી પાસે ઉપલબ્ધ હશે.)
સિલપૉલિન
સૌથી મજબુત પ્લાસ્ટિક તાડપત્રી
THE SUPREME INDUSTRIES LIMITED-XF DIVISION - E Mail : gujrat_xf@supreme.co.in
97129 70706 | www.supreme.co.in

વાછાણી હોસ્પિટલ
NABH Certified
'૦'-'૦' એરર ટેક્નોલોજી
ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યા ટીંચણનો સાંધો કોમ્પ્યુટરની મદદથી અલાઇન કરવામાં આવે છે.
સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિ દ્વારા સાંધાની રિપ્લેસમેન્ટ સર્જરી
૨૪ કલાક તાત્કાલિક સારવાર
કેશલેસ સુવિધા ઉપલબ્ધ
• વધુ માહિતી માટે સપર્ક કરો •
મો. ૯૫૧૨૩૫૫૫૬૩
૭૬૨૧૦૧૨૭૮૫
૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧